## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**આપણી સંસ્થાએ વધુ મતદાન કરવા લોકોને પ્રેરીત તો કર્યા, પરંતુ હવે ચિંતા થાય છે કે કોઈ સારી વ્યક્તિ ચૂંટાઈને નહીં આવે તો પબ્લિક આપમને મારવા લેશે...!!**

# મહાગુજરાત ચળવળના પ્રણેતા પૂ.ઈન્દુચાચાની પરિકલ્પનાને સાકાર કરવા સંકલ્પબદ્ધ થઈએ : રૂપાણી

ગાંધીનગર, તા. ૧

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ૬૦માં ગુજરાત સ્થાપના દિવસની શુભ સવારે ગુજરાતની મહા ગુજરાતની ચળવળનાં પ્રણેતા પૂજય ઈન્દુચાચાની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી ગુજરાત સ્થાપના દિવસની ગુજરાત સહિતના સમગ્ર વિશ્વમાં વસતા ગુજરાતીઓને શુભકામનાઓ પાઠવી હતી.

તેમણે અમદાવાદમાં લાલ દરવાજા ખાતે શહીદ સ્મારક પર પુષ્પાંજલિ અર્પણ કરતાં જણાવ્યું કે, મહાગુજરાતની લડતમાં અનેક દૂધમલ યુવાઓ જોડાયા હતા. પૂજય રવિશંકર મહારાજના આશિર્વાદ અને પૂ. ઈન્દુચાચાની અડગતાને પરિણામે આપણને આપણું આજનું ગુજરાત મળ્યું છે.

પૂ. ઈન્દુચાચાને શબ્દાંજલિ આપતાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, પૂ. ઈન્દુચાચાની લડતને કારણે આપણું ગુજરાત ૧લી મે ૧૯૬૦ના દિવસે અસ્તિત્વમાં આવ્યું હતું. આજે ગુજરાત નવા પડકારો ઝીલીને સમય સંજોગો પ્રમાણે એક થઈને આગળ વધી રહ્યું છે. આગે



કદમ ભરીને વિશ્વમાં ગુજરાતે આગવી નામના મેળવી છે.

તેમણે કહ્યું કે, ગુજરાતને નં. ૧ બનાવવા પૂજય ગાંધીજી, સરદાર પટેલ, શ્યામજી કૃષ્ણ વર્મા, સરદારસિંહ રાણાથી માંડી મોરારજીભાઈ દેસાઈ અને આજના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સુધીના દરેક લોકોએ પોતાના પરિશ્રમ, પુરૂષાર્થ, ત્યાગ અને બલિદાનથી આ રાજ્યને સિંચ્યું છે.

અનેક પડકારો અને કપરા સંજોગો સામે પણ ગુજરાતીઓ ગુજરાતની ગૌરવ યાત્રા-વિકાસ યાત્રાને અવિરત આગળ વધારી રહ્યા છે તેમજ ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે અને ગુજરાતની અસ્મિતા અને ગૌરવ દેશ-દુનિયામાં વધાર્યું છે.

મુખ્યમંત્રીએ ગુજરાત ગૌરવ દિવસના આજના દિવસે ગુજરાતના નાગરિકોને ગુજરાતને સમૃધ્ધ અને સલામત ગુજરાત બનાવી વિકાસની નૂતન દિશા કંડારતું રહે દસે દિશાએ વિકાસના વાવટા લ્હેરાવી નંબર વન બને તે માટે સંકલ્પબધ્ધ થવા આહવાન કર્યું હતું.

આ પ્રસંગે કાયદા રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજા, મેયર બિજલબેન પટેલ, અમદાવાદના ધારાસભ્યઓ, કમિશનર વિજયભાઈ નેહરા, કોર્પોરેટરો તથા મહાનગરના નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં અને ઈન્દુચાચાને ભાવાંજલિ આપી હતી.




## અનોખી અંજલિ....

આકરી ગરમીથી જનજીવન ત્રસ્ત છે. આકાશમાંથી અંગારા વરસતા શહેરમાં અબોલ પક્ષીઓથી માંડીને વટેમાર્ગુઓને ઠંડા કરવા માટે પાણી પરબની ઉમદા સેવા પુરી પાડવા માટે સેવાભાવી આગેવાનો કામે લાગી ગયા છે. ગરમીમાં રાહદારીઓને ઠંડક આપવા ઠંડા મિનરલ પાણીની પરબ તેમજ છાશનુ વિતરણ પણ કરવામાં આવે છે. પાણીની પરબ થકી તરસ છીપાવાનુ ઉમદા કાર્ય શહેરના સિવિલ હોસ્પિટલમાં ખોડીયાર મંદિર પાસે પણ કરવામાં આવે છે. શહેરમાં રહેતા અને ઘ-ર પાસે પાનનો ગલ્લો ધરાવતા નવિનભાઈ જયસ્વાલ પણ તેમના પત્ની રંજનબેનની મદદથી વટેમાર્ગુઓની તરસ છીપાવી રહ્યા છે. બિમારીમાં પાણીની તરસથી ટળવળીને મોતને ભેટેલા તેમના પુત્ર સ્વ નિર્મલ જયસ્વાલના મૃત્યુ બાદ તરસ્યાને પાણી પીવડાવાનુ માત્ર એક પરબ સેવા સમાન નથી રહ્યુ. તરસ્યાને ઠંડુ પાણી પીવડાવી તેઓ પોતાના પુત્રને સાચા અર્થમાં શ્રધ્ધાંજલી આપતા હોવાની લાગણી અનુભવે છે. સિવિલ હોસ્પિટલમાં આવતા દર્દીઓ અને મુલાકાતીઓ પણ આ પરબનો લાભ લે છે.

# કોલવડા આયુર્વેદિક કોલેજ ખાતે ગુજરાત સ્થાપના દિવસ ઉજવાયો

આજે ૬૦માં ગુજરાત સ્થાપના દિન નિમિત્તે કોલવડા ખાતેની સ્ટેટ મોડેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ આયુર્વેદિક સાયન્સ કેમ્પસ




ખાતે આયોજિત કાર્યક્રમ અંતર્ગત વૈદ્ય યાદવજી ત્રિકમજી આચાર્ય તદવિદ્ય સંભાષા શ્રેણી પ્રથમ પુષ્પનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં અધિક્ષક વૈદ્ય પારૂલબેન જોષી, કોલેજ સ્ટાફ, હોસ્પિટલ સ્ટાફ, દર્દીઓ, હાજર રહ્યા હતા. આ કાર્યક્રમ દરમ્યાન વૈદ્ય કામિનીબેન વ્યાસ દ્વારા મહા ગુજરાત આંદોલનની ઝાંખીથી રજુ કરી તેમજ મહાગુજરાતના પ્રણેતા એવા ઈન્દુચાચાને યાદ કરવામાં આવ્યા હતા. તેમજ વૈદ્ય રાજેશભાઈ ડોડિયા દ્વારા દર્દીની સારવાર બાબત તથા નિદાનમાં મનનું બહત્વ બાબત, વૈદ્ય મીરાબેન રાજાણી દ્વારા ગર્ભ સંસ્કાર દ્વારા વારંવાર કસુવાવડ વાળી મહિલાને સ્વસ્થ પુત્રી રત્ન પ્રાપ્ત થયાનો અનુભવ રજુ કરાયો હતો. તદ્ ઉપરાંત ડૉ. વર્ષાબેન ચૌધરી દ્વારા પાચણ ક્ષમતા, આંખના રોગો કે માથાના દુઃખાવા જેવા રોગોમાં આયુર્વેદનું મહત્વ સમજાવ્યુ હતુ તથા ડૉ. સંગ્રામસિંહ મિશ્રાએ આ બાબતો પર આયુર્વેદની સંહિતાઓના અવતરણો ટાંક્યા હતા. કાર્યક્રમ દરમ્યાન નવા ખરીદેલ સાધનોનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. તમામ સ્ટાફ દ્વારા પરસ્પર મંતવ્યો આપ્યા તેમજ નવા વિચારો પર ચર્ચા કરવામાં આવી હતી. તદ્ ઉપરાંત દર્દીઓના અભિપ્રાયો અને અનુભવો પણ સાંભળવામાં આવ્યા હતા.

# ધોળકા બેઠકની ચૂંટણીમાં અનિયમિતતા કેસમાં જાની અને બોહરાની સામે કાર્યવાહી

### ચૂંટણી પંચે બંને અધિકારીઓની સામે કાર્યવાહી કરવાની આપેલી સૂચના : હાઇકોર્ટે બંને અધિકારીને ઝાટક્યા હતા

અમદાવાદ જિલ્લામાં ધોળકા વિધાનસભાની ચૂંટણીમાં થયેલા વિવાદ મામલે કેન્દ્રીય ચૂંટણી પંચે રિટર્નિંગ ઓફિસર ધવલ જાની અને ઓબ્ઝર્વર વિનિત બોહરા સામે કાર્યવાહી કરવા આદેશ કરતાં જબરદસ્ત ખળભળાટ મચી ગયો છે. ધોળકા વિધાનસભા બેઠક પર ભાજપના ઉમેદવાર ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં મળેલી જીતને પડકારતી કોંગ્રેસના ઉમેદવાર દ્વારા કરાયેલી રિટમાં ખુદ હાઈકોર્ટે આ બંને અધિકારીઓની ભૂમિકાની ગંભીર આલોચના કરી મહત્વના અવલોકનો કર્યા હતા. જેને પગલે કેન્દ્રીય ચૂંટણી પંચે પણ સમગ્ર મામલાની ગંભીર નોંધ લીધી અને આ બંને અધિકારીઓ વિરૂધ્ધ હવે કેન્દ્રીય ચૂંટણી પંચે કાર્યવાહી કરવાના આદેશ જારી કરતાં ભારે ખળભળાટ મચી ગયો છે. કેન્દ્રીય ચૂંટણી પંચે રાજ્યના ચીફ સેક્રેટરી જે.એન સિંઘને પત્ર લખી ધવલ જાની સામે કાર્યવાહી કરવા સૂચના આપી હતી. જેના પગલે હવે ધવલ જાનીને શો કોઝ નોટિસ આપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, ૨૦૧૭ની ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાની જીતને કોંગ્રેસના ઉમેદવારે ગુજરાત હાઈકોર્ટમાં ઈલેકશન પિટિશન કરી પડકારી હતી. જેની સુનાવણી દરમ્યાન જસ્ટિસ પરેશ ઉપાધ્યાયે રિટર્નિંગ ઓફિસર ધવલ જાની અને ઓબ્ઝર્વર વિનિત બોહરાની ભૂમિકા અને તેમની કામગીરીની ભારે ટીકા કરી હતી. ધોળકા વિધાનસભાની મતગણતરી દરમિયાન ધવલ જાનીએ ચૂંટણીપંચના કેટલાક સૂચનો અને નિયમોનો ભંગ કર્યો છે. બંને અધિકારીઓની અનિયમિતતા અને ફરજ ચૂકને લઈ માર્મિક અવલોકનો પણ કર્યા હતા, જેની આખરે કેન્દ્રીય ચૂંટણી પંચે પણ ગંભીર નોંધ લીધી છે અને હવે બંને અધિકારીઓ વિરૂધ્ધ કાર્યવાહીનો ગાળિયો કસાયો છે.



## રેડક્રોસ સોસાયટીની મહિલા પાંખનું સેવા કાર્ય

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની ગાંધીનગર જિલ્લા શાખાની મહિલા વીંગ દ્વારા મંગળવારે સવારે આદિવાડાની સરકારી પ્રાથમિક શાળા, સે. ૨૮માં મુકબધિર વિદ્યાલય, આદિવાડા તથા ચરેડીની આંગણવાડી વગેરેના બાળકોને શૈક્ષણિક કીટ જેમાં કંપાસ, રાઈટીંગ પેડ, ચોપડા વગેરે ઉપરાંત ઠંડા પાણીની બોટલો વગેરેનું વિતરણ કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. આ સાથે બાળકોને ઠંડા પીણા અને વેફરના નાસ્તાની મોજ પણ કરાવાઈ હતી. આ સેવાકાર્યમાં રેડક્રોસ સોસાયટીની મહિલા પાંખના કિન્નરી ધાંધલ, આકાંક્ષા મોહનાની, પૂર્વી પરમાર, વૈશાલી સુલે, અરૂણા માલી, દર્શિતા જાની, આરતી રામ અને પૂનમ ચૌધરી સહિત સાંદિપની સ્કૂલની તમામ શિક્ષિકાઓ ડૉ. એકતા પટેલની આગેવાનીમાં જોડાઈ હતી.

# દહેગામના ડોડીયાકુઈ-ઈસનપુર પાસે પીકઅપ ડાલુ પલટ્યું : બેના મૃત્યુ

### ચીસકારીથી માંગરોલી મામેરુ લઈને જતા પરિવારને અકસ્માત નડ્યો

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના ચીસકારી ગામનો એક પરિવાર પોતાના



ભાણીયાનું મામેરુ લઈને નડીયાદ પાસે આવેલા માંગરોલી ગામે પરિવારના સભ્યો સાથે જઈ રહ્યો હતો. ત્યારે ચીસકારી ગામથી ગણતરીના અંતરે આવેલા ડોડીયાકુઈ-ઈસનપુર પાસે પીકઅપ ડાલાના ચાલકે અચાનક સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા પીકઅપ ડાલું પલટી ખાઈ ગયું હતું. મામેરુ લઈને જતા પરિવારના સભ્યો પૈકી ૧૫ નાગરીકોને નાનીમોટી શરીરે ઈજાઓ પહોંચી હતી. જયારે બે નાગરીકોના મૃત્યું નિપજયા હતા. જીપડાલુ પલટતા ચીસકારી ગામના સભ્યોની ચીચીયારીઓથી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. અકસ્માતને લઈ આસપાસના નાગરીકો તુરંત બચાવ કામગીરી માટે દોડી આવ્યા હતા અને બચાવ કામગીરી હાથ ધરી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલીક ૧૦૮ દ્વારા સારવાર માટે દહેગામ ખાતે લઈ જવાયા હતા.જયાંથી વધુ સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. મામેરુ લઈને નીકળેલા પરિવારને માર્ગમાં અકસ્માત નડતા સામાજીક પ્રસંગ માતમમાં ફેરવાતા સમગ્ર ચીસકારી ગામમાં ગમગીની છવાઈ ગઈ હતી. બનાવ અંગે દહેગામ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

દહેગામ પોલીસ પાસેથી મળતી વિગત મુજબ દહેગામના ચીસકારી ગામના બાલુસિંહ લાલસિંહ ડાભીની દિકરી સંગીતા બેનને નડીયાદ નજીક આવેલા માંગરોલી ગામે પરણાવેલા છે. સંગીતાબેનના દિકરાના ગુરુવારના રોજ લગ્ન પ્રસંગ હોવાથી ચીસકારીથી આજે સવારના ૯ વાગ્યાના અરસામાં બાલુસિંહનો પરિવાર અને કૌટુબીક સભ્યો પીકઅપ ડાલામાં ભાણીયા માટે મામેરુ લઈને નીકળ્યા હતા. ડાલુ ચીસકારીથી નીકળીને બહીલય માર્ગ પર ઈસનપુર ડોડીયાકુઈ પાસે પહોંચ્યું હતું. ત્યારે પીકઅપ ડાલાના ચાલકે અચાનક કાબુ ગુમાવતા ડાલુ રેલાવા લાગ્યું હતું અને અચાનક કોઈ કંઈ સમજે તે પહેલા પલટી મારી ગયું હતું. ડાલુ પલટી જતા પાછળ સાઈડે બેઠેલા મહિલાઓ-બાળકો સહિતના પરિવારના સભ્યો દબાઈ જતા ચિચિયારીઓથી સમગ્ર વાવાતરણ ગુંજી ઉઠ્યું હતું. સ્થાનિક નાગરીકો અને અન્ય નાગરીકોએ તુરંત બચાવ કામગીરી હાથ ધરી હતી અને ડાલા નીચે દબાઈ ગયેલા નાગરીકોને બહાર કાઢ્યા હતા.જેમાં પરિવારના સભ્યો પૈકી



ઈજા પામેલાઓમાં વિક્રમકુમાર મનુભાઈ ડાભી ઉં.વ.૧૧, જયપાલસિંહ વિક્રમસિંહ ડાભી ઉં.વ.-૧૨, કનુભાઈ અભેસિંહ ડાભી ઉં.વ.૩૦, કોકીલાબેન કનુસિંહ ડાભી ઉંવ.૩૦, નટવરસિંહ સોમાભાઈ ડાભી ઉં.વ.૩૫, શારદાબેન ભાનુભાઈ ડાભી ઉં.વ.૭૫, સુમિત્રાબેન ભુદરભાઈ ડાભી ઉં.વ.૨૫, જીતેન્દ્ર જગદીશભાઈ ડાભી ઉં.વ.૧૨, જગદીશ ગાભુસિંહ ડાભી ઉં.વ.૪૫, ભાનુપ્રસાદ લાલજી ડાભી ઉં.વ.૩૮, અશ્વિન ભાનુભાઈ ડાભી ઉં.વ.૧૫, કાળુસિંહ ગાભુસિંહ ડાભી ઉં.વ.૫૦ અને સોમાભાઈ ભુદરજી ડાભી ઉં.વ.૬૦ સહિત અન્ય બે નાગરીકોને સામાન્ય ઈજા પહોંચી હતી. તમામ ઈજાગ્રસ્તનો તાત્કાલીક ૧૦૮ મારફતે દહેગામ ખાતે લઈ જવાયા હતા. ત્યારબાદ વધુ સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જયારે આ અકસ્માતમાં ભુદરસિંહ ભાનુભાઈ ડાભી ઉં.વ.૧૮ અને પુજા બેન મનુસિંહ ડાભી ઉં.વ.૩૫ ને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું મૃત્યું નિપજયું હતું. જયારે ચીસકારી ગામમાં અકસ્માતની જાણ થતા સગા-સ્નેહીજનો મોટીસંખ્યામાં ઉમટી પડ્યા હતા અને બનાવને પગલે ગામમાં ગમગીની છવાઈ જવા પામી હતી.

# અમદાવાદ-ધ્રાંગધ્રા હાઈવે પર અકસ્માત : ત્રણના મોત

અમદાવાદ-ધ્રાંગધ્રા હાઈવે પર માલવણ ગામ પાસે કાર અને ટેન્કર વચ્ચે સર્જાયેલા ગંભીર અને ગમખ્વાર અકસ્માતમાં ત્રણ વ્યકિતના કરૂણ મોત નીપજયા હતા. અકસ્માત એટલો ગંભીર અને ખતરનાક હતો કે, ટેન્કરની ટક્કર બાદ કારનો ભુક્કો બોલી ગયો હતો. આ અકસ્માતમાં ઘાયલ અન્ય ત્રણ વ્યકિતને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં દાખલ કરાયા હતા, જેમની હાલત ગંભીર મનાઈ રહી છે. બીજીબાજુ, સ્થાનિક પોલીસે સમગ્ર બનાવને લઈ વધુ તપાસ હાથ ધરી છે. અમદાવાદ-ધ્રાંગધ્રા હાઈવે પર આજે એક પરિવાર પોતાની કારમાં જઈ રહ્યો હતો ત્યારે માલવણ ગામ પાસે પૂરપાટ ઝડપે એક ટેન્કરની ટક્કરથી જોરદાર અકસ્માત સર્જાયો હતો. ટેન્કરની ટક્કરથી કારનો ભુક્કો બોલી ગયો હતો અને અંદર બેઠેલા પૈકી એક જ પરિવારના ત્રણ સભ્યોનો ખાત્મો બોલી ગયો હતો, જેમાં મૃતકોમાં બે મહિલા અને એક પુરુષનો સમાવેશ થતો હતો. જયારે અન્ય ત્રણ જણાં ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઈજાગ્રસ્તોને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. અકસ્માતના બનાવને પગલે ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડયા હતા. બીજીબાજુ, અકસ્માતની જાણ થતાં સ્થાનિક પોલીસ પણ ત્યાં દોડી આવી હતી.

